ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૪૦.૦° સે.	૨૭.૦° સે.
આહવા	૪૨.૦° સે.	૨૫.૦° સે.
વલસાડ	૩૮.૦° સે.	૨૮.૦° સે.
વાપી	૩૮.૦° સે.	૨૮.૦° સે.

પારડીના તબીબ પર હુમલામાં સુરતના યુવાનોની સંડોવણી

કાર બેદરકારીથી ચલાવવા બાબતે બોલાચાલી થઇ હતી

અમૃત પટેલ

પારડી : પારડી માં ડોક્ટર પર થયેલા હિસક હુમલાની ઘટના સામે આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. ભીલાડ વિસ્તારમાં રહેતા અને પારડીની મહેતા હોસ્પિટલ તેમજ હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં ફરજ બજાવતા ડો. મિલન ધીરૂભાઇ પટેલે પારડી પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાવી હતી. તબીબ પોતાના પરિવાર સાથે પારડીમાં રહે છે. તેમની પત્ની શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે અને દીકરી મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરી રહી છે. ગત 8 મેં 2026 ના રાત્રે તેઓ પોતાની પત્નીને લેવા માટે તેમની કાર નં. GJ-15-CP-2006 લઇને ભીલાડ તરફ ગયા હતા. જે બાદ બંને પારડી તરફ ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે પારડી ચાર રસ્તા નજીક સર્વિસ રોડ પર પહોંચતા એક કાળા રંગની ફોર વ્હીલર કાર તેમની કારની સામે આવી હતી. કારચાલક બેદરકારી પૂર્વક વાહન ચલાવી ટ્રાફિક જામ સર્જી રહ્યો હતો. ડોક્ટરે પોતાની કાર સાઈડમાં લેવાનો પ્રયાસ કર્યો છતાં સામેની કાર વારંવાર અવરોધ ઉભો કરી રહી હતી.

થોડીવાર બાદ કાર નં. GJ-05-RY-9679માંથી કેટલાક શખ્સો ઉતરી આવ્યા હતા. અને આરોપીઓએ ડોક્ટરને ગાળો આપી કારમાંથી નીચે ઉતરવા કહ્યું હતું. ડોક્ટર બહાર આવતા જ એક શખ્સે તેમને ધક્કો મારી દીધો હતો અને ત્યારબાદ અન્ય શખ્સોએ મળીને મારામારી શરૂ કરી હતી. ઈસમોએ તબીબને આંખ, ચહેરા અને શરીરના અન્ય ભાગોમાં લાતો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. ડોક્ટર વચ્ચે બચાવ કરવાનો પ્રયાસ કર્યો છતાં આરોપીઓ વધુ ઉગ્ર બન્યા હતા. હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાયું છે.

ઘટના દરમિયાન ડોક્ટરની પત્ની કારમાં હાજર હતી અને તેમણે બુમાબુમ કરતાં આસપાસના લોકો એકત્ર થયા હતા. લોકો ભેગા થતા આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા ડોક્ટરે પહેલા સારવાર લીધી અને ત્યારબાદ બીજા દિવસે પારડી પોલીસ સ્ટેશન ખાતે લેખિત ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પારડી પોલીસ ને થાર કાર ના નંબર પ્લેટ પરથી સુરતના 4 ઈસમોની ઓળખ થઇ હતી. જેમાં પ્રિયાંશુ પ્રતાપ જોશી, રાકેશ મંગુ વસાવા, જીમ્મીત અશોક પટેલ, કેતન અરવિંદ પ્રજાપતિ (તમામ રહે. સુરત) ના ઓને પારડી મામલતદાર સમક્ષ હાજર કરી આવા અસામાજિક તત્વ સામે નવા પી આઇ વાય બી ગોહિલ ની ટીમ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

ખેરગામની આશ્રમશાળાના આચાર્યા સામે કેરી ચોરીનો આક્ષેપ કરાયો

પૂર્વ આચાર્ય સામે પણ ૫૦થી ૬૦ મણ ચોરીનો આરોપ

પૂર્વ આચાર્યના પત્ની હાલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે

ખેરગામ:ખેરગામના ગૌરી ગામે આવેલી ગ્રામમંગલમ ટ્રસ્ટ સંચાલિત આશ્રમશાળામાં કેરીઓની ચોરી બાબતે મામલો પોલીસ સ્ટેશનને પહોંચ્યો છે. ટ્રસ્ટના પ્રમુખ બીપીનચંદ્ર બહાદુરભાઈ ગરાસિયાએ આક્ષેપ કર્યો છે કે આશ્રમશાળાના પૂર્વ આચાર્ય ગોકુળભાઈ મેરજીભાઈ પટેલ અને તેમનાં પત્ની તથા હાલના આચાર્ય લતાબેન પટેલે મળીને આશ્રમની વાડીમાંથી અંદાજે ૫૦થી ૬૦ મણ કેરીની ચોરી કરી છે. અરજદારના જણાવ્યા અનુસાર ગત ૮ મે ૨૦૨૬ના રોજ જ્યારે તેઓ ચેરિટી કમિશનરની કોર્ટમાં સુનાવણી માટે સુરત ગયા હતા, ત્યારે તેમની ગેરહાજરીનો લાભ લઈ આ દંપતીએ મજૂરો મારફતે ૨૦થી ૨૫ આંબાની ડાળો પરથી આખી વાડી ઊતરાવી લીધી હતી. આ ચોરાયેલી કેરીઓ એક પીકઅપ ટેમ્પો નં.(GJ 21 Y 9964માં ભરીને બારોબાર વેચવા મોકલી દેવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાના પુરાવા રૂપે ફોટા અને વિડીયો પણ પોલીસને સોંપવામાં આવ્યા છે.

અરજીમાં વધુમાં જણાવાયું છે કે, સામાવાળાઓ છેલ્લા ૧૦ વર્ષથી આશ્રમશાળાની કેરીઓ વેચીને તેનાં નાણાં પચાવી પાડે છે. આ આવક ખરેખર આશ્રમનાં બાળકો અને ભૌતિક સુવિધાઓ માટે વપરાવી જોઈએ, પરંતુ આચાર્ય દંપતી પોતાના અંગત સ્વાર્થ માટે ટ્રસ્ટને મોટું આર્થિક નુકસાન પહોંચાડી રહ્યું છે. પ્રમુખે ખેરગામ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી કાયદેસરની કાર્યવાહી કરવા અને આર્થિક નુકસાનની ભરપાઈ કરાવવા માંગ કરી છે.

વાપી CETPનું પાણી ઉમરગામના કાલય દરિયામાં ઠાલવવાની મંજૂરી

કાંઠા વિસ્તારમાં વસતા લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યુ

ઉમરગામ : વાપી ઔદ્યોગિક વસાહતમાંથી નીકળતું ગંદુ પાણી વાપી સીઈટીપી પરિસરથી પાઇપલાઇન મારફતે ઉમરગામના કાલય દરિયા કિનારે ઠાલવવાની મંજૂરીથી કાંઠા વિસ્તારમાં વસતા લોકોમાં ચિંતાનું મોજો ફરી વળ્યુ છે. પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ મેસર્સ વાપી ગ્રીન એન્વાયરો લિમિટેડ દ્વારા વાપી GIDC ઔદ્યોગિક વસાહતમાંથી નીકળતું ગંદુ પ્રદૂષિત પાણી વાપી સીઈટીપી પરિસરથી 70 એમએલડી ક્ષમતા માટે ટ્રીટેડ વેસ્ટ વોટર પાઇપલાઇન મારફતે ઉમરગામ તાલુકાના કાલય દરિયા કિનારે ઠાલવવા માટેની કહેવાથી મંજૂરી મેળવી લેવામાં આવતા ઉમરગામ તાલુકાના સ્થાનિક દરિયાકાંઠે વસતા લોકોમાં ફફડાટ અને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે આ બાબતે સ્થાનિકોનું માનવું છે કે ઔદ્યોગિક પ્રદૂષિત પાણી દરિયામાં ઠાલવવુંએ પર્યાવરણ અને દરિયાઇ જીવ સૃષ્ટિ અને માનવ જીવન માટે ગંભીર જોખમ ઉભા કરે છે. દરિયા કાંઠા ધરાવતા ગુજરાત જેવા રાજ્યમાં તથા સંઘ પ્રદેશ દમણ વિસ્તારમાં આ સમસ્યા વિશેષ જોવા મળે છે સરીગામ ઔદ્યોગિક વસાહત માંથી નીકળતું ગંદુ પાણી CETP કોમન ઇફ્યુલ એફ્લિએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પાઇપલાઇન બીછાવી ઉમરગામના તળગામ દરિયા કિનારે ઠાલવવામાં આવે છે વર્ષોથી આના કારણે ઉમરગામ તાલુકાના કાંઠા વિસ્તારના ગામના લોકો માછીમારો ખૂબ જ પરેશાન છે સ્થાનિકોનુ માનવું છે કે આનાથી પર્યાવરણને નુકસાન થાય છે દરિયાઇ જીવસૃષ્ટિનું નુકસાન થાય છે માછીમારોની આજીવિકાને સંકટ ઉભું થાય છે પ્રદૂષણના કારણે આ વિસ્તારમાં માછલીઓનો જથ્થામાં ઘટાડો થાય છે અને દૂર દરિયામાં મચ્છી પકડવા માછીમારોએ જવું પડે છે. હવા પાણી પ્રદૂષિત થાય છે ઉમરગામ તાલુકાનો દરિયા કિનારો ખૂબ જ સુંદર છે પરંતુ ઔદ્યોગિક પ્રદૂષણના કારણે ખૂબ જ સંકટ તોળાઇ રહ્યું છે હવે વાપી ઔદ્યોગિક એકમોમાંથી નીકળતું પ્રદૂષિત ગંદુ પાણી વાપી સીઈટીપી પરિસર માંથી કાલય દરિયામાં ઠાલવવામાં આવશે તો સ્થાનિકોના માથે મોટું જોખમ તોળાશે. સ્થાનિકોમાં આ બાબતે ગણગણાટ છે કે ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકર સહિતના જન પ્રતિનિધિઓ આ બાબતે ચિંતા કરે અને કાંઠા વિસ્તારની પ્રજાના પડખે રહી અવાજ ઉઠાવે એ સમયની માંગ અને પ્રજામાં લાગણી જોવા મળી રહી છે

નવસારીમાં કૂવામાં ખાબકતાં દીપડાનું મોત નિપજતાં ચકચાર

ખોરાકની શોધમાં ઉગત ગામ સુધી પહોંચી ગયો, સવારે મૃતદેહ મળ્યો

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ઉગત ગામમાં વન્યજીવ સાથે જોડાયેલી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રાત્રિના સમયે ખોરાકની શોધમાં ગામની સીમ સુધી પહોંચી આવેલા એક દીપડાનું ખુલ્લા કૂવામાં પડી જતાં દુર્ભાગ્યપૂર્ણ મોત થયું હતું. સવારે કૂવામાં દીપડાનો મૃતદેહ દેખાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

માહિતી મુજબ, ગામના ફાંસી ફળિયામાં આવેલા એક મકાન પાછળના ખુલ્લા કૂવામાં દીપડો પડી ગયો હતો. અનુમાન છે કે અંધારામાં કૂવો નજરે ન પડતા દીપડો સીધો તેમાં ખાબક્યો હતો. કૂવામાંથી બહાર નીકળવાના પ્રયાસ દરમિયાન તે પાણીમાં ડૂબી ગયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સવારે સ્થાનિક લોકોએ કૂવામાં દીપડાનો મૃતદેહ જોતા તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ નવસારી વન વિભાગની ટીમ સ્થળ પર દોડી આવી હતી. સ્થાનિકોની મદદથી ભારે જહેમત બાદ દીપડાના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ દીપડાની ઉંમર અને મોતનું ચોક્કસ કારણ બહાર આવશે.

આ ઘટનાએ ફરી એકવાર ખુલ્લા કૂવાઓ વન્યજીવો માટે મોતના કૂવા બની રહ્યા હોવાનો મુદ્દો ચર્ચામાં લાવ્યો છે. વન વિભાગે ખેડૂતો અને ગ્રામજનોને અપીલ કરી છે કે ખેતરોમાં આવેલા ખુલ્લા કૂવાઓ ફરતે સુરક્ષાત્મક દિવાલ બનાવવી તેમજ કૂવાઓને ઢાંકી દેવા જેવા પગલાં લેવામાં આવે, જેથી વન્યજીવો આવા અકસ્માતોથી બચી શકે. ઉલ્લેખનીય છે કે નવસારી જિલ્લામાં છેલ્લા છ માસ દરમિયાન માનવ-વન્યજીવ સંઘર્ષના અનેક બનાવો સામે આવ્યા છે. વન વિભાગે આ સમયગાળામાં રહેણાંક અને ખેતીવાડી વિસ્તારોમાંથી અનેક દીપડાઓને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી વાંસદા નેશનલ પાર્ક સહિતના જંગલ વિસ્તારોમાં મુક્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

નવસારીમાં પ્રી-મોન્સૂન કામગીરી યુદ્ધના ધોરણે શરુ કરાઈ

પૂર અને પાણી ભરાવાની સમસ્યા ટાળવા મનપા દ્વારા ખાડીઓ, ડ્રેનેજ અને સ્ટોર્મ લાઈનની સફાઈ શરૂ

નવસારીઃ નવસારી શહેરમાં દર વર્ષે ચોમાસા દરમિયાન સર્જાતી પાણી ભરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને પૂર્ણા નદીમાં પૂર આવતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જવાની સમસ્યાને ધ્યાનમાં રાખી આ વર્ષે પ્રી-મોન્સૂન કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ રહી છે.

મનપા તંત્ર દ્વારા શહેરની નાની-મોટી ખાડીઓ, કાંસ અને વરસાદી પાણીના નિકાલ માટેના માર્ગોની વ્યાપક સફાઈ કરવામાં આવી રહી છે. JCB મશીનો અને મજૂરોની મદદથી વર્ષોથી જમા થયેલો ગાદ-કચરો દૂર કરવામાં આવી રહ્યો છે.

ડાંગના ૩૧૧ ગામોમાં પીવાના પાણીની સમસ્યા

સાપુતારા. 11-05-2026 ડાંગ જિલ્લામાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ જળસંકટે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. જિલ્લાના અંદાજિત ૩૧૧ જેટલા ગામોમાં પીવાના શુદ્ધ પાણીની તીવ્ર અછત સર્જાતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર જનસમસ્યાને વાચા આપવા માટે બહુજન સમાજ પાર્ટી ના ડાંગ જિલ્લા પ્રમુખ મહેશભાઈ જી. આહિરે દ્વારા આહવા મામલતદારને એક લેખિત આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીને કારણે જિલ્લાના અનેક ગામોમાં પીવાના પાણીના સ્ત્રોત સુકાઈ ગયા છે. જેના કારણે ગ્રામીણ જનજીવન ભારે પ્રભાવિત થયું છે. ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને પીવા માટે પાણી મેળવવા દૂર-દૂર સુધી રઝળપાટ કરવો પડી રહ્યો છે. અનેક વિસ્તારોમાં હેન્ડપંપો અને બોરવેલ ખરાબ હાલતમાં છે અથવા તો પાણીની ટાંકીઓ બંધ અવસ્થામાં હોવાથી લોકોને પૂરતું પાણી મળી શકતું નથી. કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં તો છેલ્લા ઘણા દિવસોથી પાણી પહોંચ્યું જ ન હોવાની ફરિયાદો ઉઠી છે. જેથી તાત્કાલિક અસરથી પાણીના ટેન્કરો દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે,જિલ્લામાં બંધ પડેલા હેન્ડપંપ, બોરવેલ અને પાણીની પાઈપલાઈન કે ટાંકીઓની તાત્કાલિક મરામતની માગ થઈ છે.

વલસાડમાં લવ જેહાદના કિસ્સાએ ચકચાર જગાવી

અતુલના વિધર્મી યુવકે નામ બદલીને ગ્રામ્ય વિસ્તારની એક યુવતી સાથે લગ્ન કર્યા હોવાનો આક્ષેપ

યુવતીના પરિવારજનો અને અન્ય લોકોએ ધરણા કર્યા

વલસાડ : વલસાડમાં લવ જેહાદના નામે એક ઘટના બહાર આવી છે. જેમાં અતુલના એક વિધર્મી યુવક વિરૂદ્ધ નામ બદલીને લગ્ન કર્યા હોવાના આક્ષેપ થયા છે. આ મામલે યુવતીના પરિવારજનો અને અન્ય લોકોએ રૂરલ પોલીસ પર આ મામલે પગલાં ભરવા ધરણા કર્યા હતા.

સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક યુવતીએ સોશ્યલ મિડિયામાં જણાવ્યું કે, તેની જીયા નામનું ઈન્સ્ટાગ્રામ આઈડી ધરાવનાર સાથે ઈન્સ્ટાગ્રામ પર ઓળખાણ થઈ હતી. આ ઓળખાણ બાદ તેમની મિત્રતા વધી હતી. જે યુવકે પોતાનું નામ અંકિત પટેલ હોવાનું જણાવ્યું હતુ. જોકે, લગ્ન બાદ તે વિધર્મી હોવાનું બહાર આવ્યું હતુ. જોકે, લગ્ન બાદ તેના પતિએ તેને ઘરમાંથી બહાર નિકળવા પર પ્રતિબંધ મુક્યો હતો. તેમજ તેનો મોબાઈલ પણ લઈ લીધો હતો. જોકે, બીજાનો મોબાઈલ લઈ તેણે પોતાના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનો તેને લેવા આવ્યા ત્યારે પતિએ તેના ભાઈને માર્યો હોવાના પણ આક્ષેપો તેણે મુક્યા હતા. આ ફરિયાદ લઈ તેઓ રૂરલ પોલીસ મથકે પહોંચ્યા હતા. તેમજ તેમણે પોલીસના કમ્પાઉન્ડમાં રામ ધૂન પણ બોલાવી હતી. આ ઘટના સંદર્ભે મોડી સાંજ સુધી પોલીસે ગુનો દાખલ કર્યો ન હતો.

વલસાડમાં શાળાનું ગ્રાઉન્ડ ખોદી માટી કાઢી રસ્તાનું પુરાણ કરી દીધો

ભદેલીનો રસ્તો બનાવવા માટે માટી ચોરીની ફરિયાદ

વલસાડ : વલસાડમાં ઉનાળો પડતાની સાથે જ તળાવમાંથી માટી ખનનની વ્યાપક ફરિયાદ ઉઠતી રહેતી હોય છે. જેના માટે ખનન કરનારા તળાવનું પાણી પણ બહાર કાઢતા અચકાતા નથી. માટી ખનનની આ મોસમમાં એક નવી જ ઘટના પ્રકાશમાં આવી છે. વલસાડના ભદેલી ગામે રસ્તા પર માટી નાખવા માટે ગ્રામ પંચાયત દ્વારા સ્કૂલના મેદાનમાંથી જ માટી ખનન થઈ રહ્યું હોવાની એક ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ મથકે કરવામાં આવી છે. જેને લઈ ભારે અચરજ ફેલાયું છે.

વલસાડ ભદેલી જગાલાલા ગામની શ્રી હિંગળાજ કેળવણી મંડળ ટ્રસ્ટ વતી ગોવિંદભાઈ ટંડેલે પોલીસને કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું કે, તેમના મંડળ હેઠળ ચાલતી માધ્યમિક શાળા 1971 થી ચાલી રહી છે. અહીં ધોરણ 9 થી ધોરણ 12 સુધીના બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શાળાના મકાનની પશ્ચિમ દિશામાં શાળાનું ગ્રાઉન્ડ આવેલું છે. આ મેદાનની જમીન શાળાને ફાળવવામાં આવી હતી. શાળાની આ જમીનમાં હાલ સરપંચ માટી ખનન કરી રહ્યા છે. જેના માટે તેમના દ્વારા શાળા કે કેળવણી મંડળની પરવાનગી પણ લીધી નથી. તેમને આ કાર્ય કરતા અટકાવતા તેમણે કોઈ વાત માની નહી, અને રસ્તાના પુરાણ માટે શાળાના મેદાનમાં માટી ખનન કરી રહ્યા છે. આ ફરિયાદને લઈ ભારે ચર્ચા ચાલી રહી છે.

વાપીમાં સેલ્સમેનને લૂંટી લેનાર જમ્મુના ત્રણ આરોપી ઝડપાયા

ગોડાઉનમાં નોકરી કરતા જમ્મુના શખ્સે બે શખ્સોને બોલાવીને લૂંટની યોજના બનાવી હતી

વાપી : વાપીના કરવડ વિસ્તારમાં પુનમજી ઇન્ડસ્ટ્રિયલ પાર્ક પાસે બે અજાણ્યા શખ્સોએ આકાશ ટ્રેડર્સમાં માર્કેટિંગનું કામ કરતા 52 વર્ષીય મોટારામ સાવલરામ માલી પર શનિવારે રાત્રે જીવલેણ હુમલો કરી, તેની પાસેથી રૂપિયા 1,50,000 ની લૂંટ ચલાવી હતી. આ લૂંટના બનાવમાં જિલ્લા પોલીસની ગુના શોધક શાખાએ જમ્મુના રહેવાસી ત્રણ ઇસમોને ઝડપી પાડ્યા છે. આમ ગણતરીના કલાકોમાં લૂંટનો ગુનો પોલીસે ઉકેલી કાઢ્યો છે.

પોલીસે કરવડ સ્થિત પુનમજી ઇન્ડસ્ટ્રિયલ પાર્ક માં રહેતા મૂળ કોટી ચંડીહાર જમ્મુના આરોપી ૨૦ વર્ષના જાહીદ ઉર્ફે ભુરીયા મહોમદ ફરીદ, કોટી ચંડીહાર કઠુઆ જિલ્લા જમ્મુના રહેવાસી ૨૪ વર્ષના અનવરરફી મહોમદ રફી અબ્દુલ્લા ભટ્ટ તથા જમ્મુ કોટી ચંડીહાર રહેતા ૨૩ વર્ષના અમાનઉલ્લા ઉર્ફેકેફ મુખ્તારઆલમ રોજનઅલીને ઝડપી પાડ્યા છે.

શનિવારે વાપીમાં લૂંટના બનાવની વિગત એવી છે કે, મોટારામ માલી આકાશ ટ્રેડર્સમાં પાન-મસાલાના હોલસેલ વેચાણ અને ઉઘરાણીનું કામ કરે છે. ગત તારીખ 08/05/2026 ના રોજ રાત્રે આશરે 10:45 વાગ્યે, તેઓ દિવસભરની ઉઘરાણીના રૂપિયા 1.50 લાખ એક થેલામાં ભરી પોતાની એક્ટિવા પર ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન કરવડ રોડ પર બે અજાણ્યા શખ્સોએ તેમને આંતરી લાકડાના ફટકા વડે માથાના ભાગે હુમલો કર્યો હતો. હુમલાને કારણે મોટારામ નીચે પડી જતા આરોપીઓ રોકડ ભરેલો થેલો લૂંટીને ફરાર થઈ ગયા હતા. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના બાદ એસઓજી પીઆઇ એ.યુ.રોઝના માર્ગદર્શનમાં એલસીબી પીએસઆઇ જે.જી.પરમાર અને જે.બી.ઘનેશા તથા સ્ટાફ દ્વારા સીસીટીવી ફૂટેજ તેમજ ટેકનિકલ એનાલિસિસ દ્વારા વર્કઆઉટ કરીને ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ત્રણે આરોપી પાસેથી લૂંટના દાઢ લાખ રૂપિયા તેમજ મોબાઇલ ફોન કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ગોડાઉનમાં કામ કરતા આરોપીએ અવર નવર ફેરા મારી રેકી કરી હતી

પુનમજી ઇન્ડસ્ટ્રિયલ પાર્કના ગોડાઉનમાં અનવરરફી ભટ્ટ અગાઉ કામ કરતો હોવાથી વિમલ પાન મસાલાનું હોલસેલ વેચાણ કરવામાં મોટી રોકડ રકમ ગોડાઉનમાંથી મોટારામ માલી લઈને જતો હતો તેની જાણકારી હતી. જ્યારે આ ગોડાઉનમાં લોડીગ અનલોડીંગનું કામ કરતા આરોપી જાહીદ ઉર્ફે ભુરીયાને મોટારામ પૈસા લઈને ક્યારે નીકળે છે તેની રેકી કરવાનું સોંપ્યું હતું. અનવરરફી અને અમાનઉલ્લા જમ્મુ-કાશ્મીરથી પંદરેક દિવસ પહેલા વાપી આવ્યા હતા. જાહીદ સાથે મોબાઇલ ઉપર સંપર્કમાં રહીને ગોડાઉનથી મોટારામના આવવા-જવાની રેકી કરી હતી. બે દિવસ પહેલા જાહીદને મોટારામ પૈસા લઈને નીકળે એટલે જણાવવાનું કહીને રાત્રે અંધારામાં બંને જણ ગેટ પાસે ઊભા હતા. અને મોટારામ મોપેડ ઉપર જેવો ત્યાં આવ્યો ત્યારે અનવરરફીએ લાકડાનો ફટકો મારી તેને પાડી નાંખી પૈસાનો થેલો લઈને બંને ભાગી ગયા હતા.

આરોપીઓને ૨૦થી ૨૫ લાખની રોકડનો અંદાજ હતો

જમ્મુથી બે શખ્સોને બોલાવીને વાપીમાં લૂંટનો પ્લાન બનાવનાર આરોપીઓને વિમલ પાન મસાલાના ગોડાઉન પરથી રૂપિયા લઈને જતા મોટારામના થેલામાં ૨૦થી ૨૫ લાખની રોકડ રકમનો અંદાજ હતો. આ ત્રણે આરોપીઓ મોટી રકમ મળે તો જમ્મુ ભાગી જવાની ફિરાકમાં હતો. જો બનાવના દિવસે દોઢ લાખની જ રોકડ થેલામાં હતી. આમ પણ સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે ગણતરીના કલાકમાં ત્રણે આરોપીને ઝડપી પાડીને લૂંટનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

વલસાડ રેલવે સ્ટેશન પરથી મોબાઇલ ચોર ઝડપાયો

વલસાડ : વલસાડ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ પર સુતેલા મુસાફરના ખિસ્સામાંથી મોબાઇલ ચોરીને ભાગી રહેલા યુવાનને લોકોએ પકડી લીધો હતો. વલસાડ મોગરાવાડીમાં રહેતા જીતુ રામસજીવન પાલ સુરતથી વલસાડ આવ્યા હતા. તેઓ સુરત વિરાર ઇન્ટર સિટીમાં સુરતથી મજૂરી કરી વલસાડ આવ્યા અને થાકી જતાં સ્ટેશનના બાકડા પર જ સુઇ ગયા હતા. એ સમયે કોઇ તેમનો મોબાઇલ ચોરી ભાગતો હોવાનું જણાતા તેમણે બૂમરાણ મચાવી હતી. જેના પગલે પોલીસે મોબાઇલ ચોરને પકડી પાડ્યો હતો. જેનું નામ પુછતાં તે અરૂણકુમાર શ્રીરામલખન પટેલ (ઉ.વ.35) અને તે પણ વલસાડ મોગરાવાડીમાં જ રહેતો હોવાનું જાણવા મળ્યું હતુ.

આહવાની જીવતા બોમ્બ સમાન જર્જરીત ટાંકીથી ભયનો માહોલ

ગાંધી કોલોનીની ટાંકીના પોપડા પડી રહ્યાં છે અને સળિયા પણ કટાઇ ગયા છે

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા ખાતે ગાંધી કોલોની નજીક આવેલી વર્ષો જૂની અને હાલ બિનજરૂરી બની ગયેલી પાણીની ટાંકી અત્યંત જર્જરિત હાલતમાં ઉભી હોવાથી સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

આ ટાંકીની મળતી માહિતી અનુસાર 50 વર્ષ જૂની આ પાણીની ટાંકી હવે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં પહોંચી ગઈ છે. ટાંકીના પગથિયા તૂટી ગયેલા છે, સિમેન્ટના પોપડા ઊખડી રહ્યા છે તેમજ લોખંડના સળિયા પણ સડી ગયેલી હાલતમાં નજરે પડે છે.આવી જોખમી પરિસ્થિતિને કારણે ગાંધી કોલોની વિસ્તારમાં રહેતા લોકો તેમજ રસ્તે આવતા-જતા રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ સતત તોળાઈ રહ્યું છે.ગાંધી કોલોની વિસ્તારમાં વર્ષોથી અનેક સરકારી આવાસો પણ ખંડેર હાલતમાં છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ટાંકીનું આયુષ્ય પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે માત્ર કોઈ દુર્ઘટનાની રાહ જોતી હોય તેમ ઉભી છે. સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા વર્ષોથી તેની આસપાસ જાળીનું કંમ્પાઉન્ડ કરવામાં આવ્યું છે, છતાં મૂળ જોખમ યથાવત છે. જેથી તેને તોડી પાડવાની માગણી કરવામાં આવી રહી છે.

ચીખલીમાં ડૂબી જતાં વાલોડના યુવકનું પાણીમાં ડૂબી જતાં મોત

ધેજ : ચીખલી તાલુકાની નદીમાં ડૂબી જતાં વાલોડના યુવકનું મોત થયું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર તાપી જિલ્લાના વાલોડ તાલુકાના અલગટ ગામના સરદાર ફળીયા ખાતે રહેતા નીરવ ભરતભાઇ પટેલ (ઉ.વ-૨૩) જે તેના મિત્રો સાથે ચીખલીના ચિતાલી ગામમાંથી પસાર થતી અંબિકા નદીના પાણીમાં નાહવા માટે આવ્યા હતા. દરમિયાન પાણીના વચ્ચે આવેલ પથ્થરના ટેકરા ઉપરથી અચાનક પગ લપસી જતા નદીના ઊંડા પાણીમાં ડૂબી જતાં નીરવ પટેલનું મોત નીપજ્યું હતું. ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ મરનારના પિતા ભરતભાઇ દુરસિંગ પટેલ (ઉ.વ-૫૫) (રહે.અલગટ સરદાર ફળિયા તા.વાલોડ જી.તાપી) એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-એફ. એચ.પટેલ કરી રહ્યા છે.